Sandesh, Date: 14.04.2018, Page No.16

# રૂ. 6 હજાર કરોડની લોન અંગે 'જાઈકા' દ્વારા મેટ્રોરેલ પ્રોજેક્ટની ચકાસણી

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર,તા.૧૪

અમદાવાદના મેટ્રોરેલ પ્રોજેક્ટને જાપાન સરકારની એજન્સી 'જાઈકા' તરફથી કુલ રૂ.૬,૦૬૮ કરોડની લોન મળવાની છે, જે પૈકી રૂ.૫૦૦ કરોડ ઈક્વિટી રૂપે એણે ગયા વર્ષે આપેલાં છે, હવે આશરે રૂ.૨,૭૦૦ કરોડ આ વર્ષે એની પાસેથી લેવાના છે, એટલે આ સંદર્ભે જાઈકા ઈન્ડિયાના મુખ્ય પ્રતિનિધિ ટકેમા સાકા મોટા ગઈકાલ શુક્રવારે મેટ્રો પ્રોજેક્ટની મુલાકાતે આવ્યા હતા. ટકેમા સાકા મોટોએ મેગા કંપનીના એમ.ડી.-આઈ.પી.ગૌતમ સાથે કાલુપુરથી આર.સી.ટેનિકલ-દિલ્હી દરવાજા સુધી થઈ રહેલા અન્ડરગ્રાઉન્ડ ટનલ નેટવર્કની કાલુપુર મેટ્રો સ્ટેશનની તથા એપરલ પાર્કની મુલાકાત લઈ કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો, સાથોસાથ કાલુપુર ખાતે ટનલ બોરિંગ મશીનથી ૯ મીટર વ્યાસની ટનલ ખોદવાની કામગીરીનો એમણે આરંભ પણ કરાવ્યો હતો. મેટ્રોટ્રેનના પ્રથમ તબક્કામાં કુલ રૂ.૧૦,૭૭૩ કરોડ ખર્ચાયા છે, જે પૈકી રૂ.૬,૦૬૮ કરોડ જાઈકાની લોનરૂપે લેવાશે, જ્યારે અન્ય રૂ.૪ હજાર કરોડ ભારત સરકારે તથા ગુજરાત સરકારે ઈક્વિટીરૂપે આપેલાં છે. અત્યારે આ પ્રોજેક્ટમાં આશરે રૂ.૩ હજાર કરોડ ખર્ચાયા છે, એમ જણાવાઈ રહ્યું છે. વસ્ત્રાલથી એપરલ પાર્ક સુધીના આશરે ૬.૫ કિલોમીટરના તબક્કાનું લૉન્ચિંગ આવતા ડિસેમ્બરમાં થવાનું છે,